સાંપડ મહાકાલી મંદિર ખાતે પૂનમે હજારો ભકતો દર્શન કર્યા

પ્રાંતિજ તા.૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના સાંપડ ખાતે આજે વૈશાખી પૂનમ ને લઈ ને હજારો ની સંખ્યામા માઇ ભકતો ની શ્રી મહાકાલી મંદિર ખાતે ભારે ભીડ જોવા મળી હતી. વૈશાખી પુનમ ના પવિત્ર દિવસ નુ ગુરૂ મહત્વ અનેરૂ છે જેને લઈ યાત્રાધામ સાંપડ મુકામે આવેલ શ્રી મહાકાલી માતાના મંદિર ખાતે આજે વહેલી સવારથીજ માઇ ભકતો દર્શનાર્થે ઉમટી પડયા હતા તો માતાજી ના દર્શન કરતા નજરે પડયા હતા અને માતાજી ને સુખડીનો પ્રસાદ ધરાવીને માઇ ભકતો શ્રધ્ધા પૂર્વક દર્શન કરતા નજરે પડયા હતા તો દર પૂનમ ના દિવસે હજારોની સંખ્યામા દુરદુર થી શ્રધ્ધાળુઓ આવે છે અને શ્રધ્ધા પૂર્વક દર્શન કરી પૂજા અર્ચના કરેછે તો તેમની મનોકામના પૂર્ણ થતી હોવાના અનેક દાખલા પ્રચલિત બન્યા છે તો દાતાઓ ના સહયોગ થી દર પૂનમે માઇ ભકતો માટે પ્રસાદ સ્વરૂપે ભોજન ની સુંદર વ્યવસ્થા કરવામા આવે છે અને અહી આવતા માઇ ભકતો પ્રસાદ સ્વરૂપે ભોજન લઈ ને ધન્યતા અનુભવે છે.

શામળાજીમાં બુદ્ધ પૂર્ણિમા નિમિત્તે ભક્તોનું ઘોડાપુર : દર્શન કરી ધન્ય બન્યા

મોડાસા,તા. ૫

અરવલ્લી જીલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિરમાં બિરાજતા કાળીયા ઠાકોરના દર્શનાર્થે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ નો ધસારો રહે છે બુદ્ધ પૂર્ણિમાના દિવસે વહેલી સવારથી ભક્તો ભગવાન શામળિયાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. યાત્રાધામ શામળાજીમાં પૂર્ણિમાનાં ભગવાન શામળીયા નાં આશીર્વાદ મેળવવા માટે વહેલી સવારથી જ ભક્તો નું ધોડાપુર ઉમટ્યું હતું ભગવાન શામળીયાને સુંદર વાઘામાં સુશોભિત કરવામાં આવ્યા હતા વિવિધ અલંકાર ભગવાન શામળીયાને પહેરાવવામાં આવ્યા હતા મંદિર નાં ગર્ભ ગૃહને ફુલોથી સજાવવામાં આવ્યું હતું હજારો ભક્તો એ કાળીયા ઠાકોરના દર્શન કરી ધન્યતા અનુભવી હતી શામળાજી પોલીસે મંદિર પરિસરમાં તથા બજારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

સરકાર-વહીવટી તંત્રની ૭ મે ના રોજ અગ્નિ પરીક્ષા

ઉત્તર ગુજરાતમાં ૧,૫૯,૦૦૦ ઉમેદવારો તલાટીની પરીક્ષા આપશે, તૈયારીઓ પૂર્ણ

૭૮૦૦ કર્મચારીઓને પરીક્ષાની કામગીરી, ૩૦૦૦ પોલીસ કર્મીઓને સુરક્ષાની જવાબદારી

બાયડ, તા.૫

આગામી રવિવારે ગુજરાત પંચાયત પસંદગી સેવા મંડળ, ગાંધીનગર દ્વારા તલાટી કમ મંત્રીની પરીક્ષાનું આયોજન થયું છે જેમાં ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાના ૪૯૨ પરીક્ષા કેન્દ્રો ઉપર ૧,૫૯,૨૧૦ ઉમેદવારો પોતાનું નસીબ અજમાવશે. પરીક્ષાની કામગીરીમાં બોર્ડ પ્રતિનિધિ, કેન્દ્ર નિયામક, ખંડ સુપરવાઈઝર, રુટ સુપરવાઈઝર સહિત ૭૮૭૨ અધિકારી-કર્મચારીઓને કામગીરી સોંપવામાં આવી છે. દરેક પરીક્ષા કેન્દ્ર ઉપર ૨ પુરુષ, ૨ મહિલા પોલીસ કર્મીઓ સહિત સુરક્ષા જવાનો ઉપસ્થિત રહેશે. મોટાભાગના પરીક્ષા કેન્દ્રો ઉપર બોડીવોર્ન કેમેરા સાથે પોલીસ કર્મીઓ ઉમેદવારોની ચકાસણી કરી કેન્દ્રમાં પ્રવેશ આપશે. ગત મહિને જૂનિયર ક્લાર્કની પરીક્ષા શાંતિપૂર્વક સંપન્ન થઈ છે અને હવે આગામી તા.૭ મે.ના રોજ ફરી એકવાર સરકારી વહીવટી તંત્રની અગ્નિ પરીક્ષા જેવી સ્થિતિ આવી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર વાવાઝોડા અને કમોસમી માવઠાની આગાહી કરાઈ છે તે દિવસો દરમ્યાન રાજ્યના ૩૩ જિલ્લાઓની સાથે ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં પંચાયત પસંદગી સેવા મંડળી દ્વારા તલાટી કમ મંત્રી પરીક્ષાનું આયોજન કરાયું છે. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ, મહેસાણા જિલ્લામાં અગાઉ જૂનિયર ક્લાર્કની પરીક્ષા યોજવામાં આવી તે પૈકીના મોટાભાગના પરીક્ષા કેન્દ્રોને તલાટી કમ મંત્રીની પરીક્ષા માટે પસંદગી કરી અન્ય જિલ્લાના ઉમેદવારોને પરીક્ષા બેઠક નંબરોની ફાળવણી કરી દેવામાં આવી છે. પ્રશ્નપત્રો સ્ટ્રોંગરુમમાં આવ્યા પછી હાઈટેક સુવિધાથી સંપન્ન વાહન મારફતે પરીક્ષા સ્થળોએ મોકલાશે અને અગાઉની જૂનિયર ક્લાર્કની પરીક્ષાની જેમ જ તમામ આચારસંહિતનો અમલ કરવાનો રહેશે. પરીક્ષા શરુ થાય ત્યાંથી પૂરી થાય ત્યાં સુધી પરીક્ષાની કામગીરીમાં જોડાયેલા તમામ કર્મચારીઓના મોબાઈલ સ્વીચ ઓફ રાખવામાં આવશે. તમામ પરીક્ષા કેન્દ્રો ઉપર ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ઉભો કરવાની સાથે અનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ ઉપર પાબંધી ફરમાવવામાં આવી છે. સવારે ૧૧-૪૫ કલાક પહેલાં ઉમેદવારે પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ મેળવી લેવાનો રહેશે. બપોરે ૧૨-૩૦ થી ૧-૩૦ દરમ્યાન પરીક્ષાનું આયોજન થયું છે. જ્યારે સ્થાનિક જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પરીક્ષા કેન્દ્રો આસપાસ ૪ થી વધુના લોકોના ભેગા થવા ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું અમલી બનાવ્યું છે અને રવિવારે પરીક્ષાનું આયોજન હોવાથી અનેક કર્મચારીઓની રજાઓ રદ કરાતાં જે કર્મચારીઓના પરિવારમાં લગ્નના અવસરો છે તેવા પરિવારોમાં ખટરાગની સ્થિતિ પેદા થાય તેવી શક્યતા રહેલી છે. ઉત્તર ગુજરાતમાં મહેસાણા જિલ્લામાં સૌથી વધુ ૧૪૨ પરીક્ષા કેન્દ્રો અને અરવલ્લીમાં સૌથી ઓછા ૪૭ પરીક્ષા કેન્દ્રો ફાળવવામાં આવ્યા છે.

૧.૫૯ લાખ ઉમેદવારોની પરીક્ષા

જિલ્લો	પરીક્ષા કેન્દ્રો	ઉમેદવાર સંખ્યા
સાબરકાંઠા	૯૯	૩૩,૨૧૦
અરવલ્લી	૪૭	૧૫,૦૯૦
બનાસકાંઠા	૧૨૪	૩૬,૦૬૦
મહેસાણા	૧૪૨	૪૮,૦૦૦
પાટણ	૮૦	૨૬,૮૫૦

પરીક્ષા કેન્દ્રો ઉપર સ્ટાફની નિયુક્તિ

ઉત્તર ગુજરાતના પરીક્ષા કેન્દ્રો ઉપર ૪૯૨ બોર્ડ પ્રતિનિધિ, ૧૨૪ કેન્દ્ર નિયામક સહિત ૭૮૭૨ અધિકારી-કર્મચારીઓના સ્ટાફની નિયુક્તિ કરવામાં આવી છે તેમજ દરેક રુટ ઉપર સુપરવાઈઝર તેમજ આસીસ્ટન્ટ સુપરવાઈઝર નિયુક્ત કરવામાં આવ્યા છે. સ્ટ્રોંગ રુમથી પરીક્ષા કેન્દ્ર ઉપર પ્રશ્નપેપર પહોંચે ત્યાં સુધીનું માઈક્રો પ્લાનિંગ કરવાની સાથે ફરી એકવાર થ્રી-લેઅર સુરક્ષાનું પરીક્ષા દરમ્યાન આયોજન કરાયું છે જેથી ભૂતકાળની પેપર લીક જેવી ઘટનાઓ અટકાવી શકાય.

બનાસકાંઠાના ગ્રામ્ય વિસ્તારોમાં વેકેશનની મોજ માણતા ભૂલકાઓ

પાલનપુર તા.૫

રાજ્યની પ્રાથમિક શાળાઓમાં સોમવારથી પાંત્રીસ દિવસનું ઉનાળુ વેકેશનની પડ્યું છે. જેને લઈ શહેરી વિસ્તારમાં નાના ભૂલકાઓ પોતાના ઘરમાં મોબાઈલ તેમજ ટીવીમાં વ્યસ્ત જોવા મળે છે. તો ગ્રામીણ તેમજ સ્લમ વિસ્તારમાં નાના બાળકો મોબાઈલ અને ટીવી થી પર રહી પોતાના ઘર આંગણે તેમજ શેરી મહોલ્લામાં વિવિધ રમતો રમીને આનંદ લૂંટતા જોવા મળી રહ્યા છે. ત્યારે આ તસવીરમાં નાના ભૂલકાઓ કોરા હવાડામાં સંતા કૂકડીની રમતનો આનંદ માણતા જોવા મળી રહ્યા છે.

ડીસાના બનાસ નદીના પુલ પાસે હીટ એન્ડ રનની ઘટના

રસોડું પતાવી પરત આવતા રસોઈ સ્ટાફના ડાલાને ટ્રકે ટક્કર મારી

ટ્રકની ટકકરે ડાલાના ડ્રાઇવરનું મોત : ટ્રક ચાલક ફરાર

ડીસા, તા. ૫

ડીસાના બનાસ નદીના પુલ પાસે કેટરિંગનો સ્ટાફ જીપડાલામાં આવી રહ્યો હતો ત્યારે પાછળથી આવી રહેલી ટ્રકે ટક્કર મારતા ચારને ઈજા થઈ હતી. જ્યારે ડાલા ચાલક ટ્રકને રોકવા જતા ટ્રક ચાલક તેને ટક્કર મારી ફરાર થઈ જતા ચાલકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ અંગેની વિગત એવી છે કે ડીસા હાઈવે પર ઉન્નતી પાર્કની બાજુમાં આનંદ બંગલોઝ ખાતે રહેતા સુરેશભાઈ પુરોહિત કેટરિંગનો વ્યવસાય કરે છે. તેઓ બુધવારે પોતાના કેટરિંગ સ્ટાફ સાથે પેછડાલ ગામે રસોડું કરી જીપ ડાલામાં પરત આવતા હતા. ત્યારે બનાસ નદીના પુલ પાસે પાછળથી આવી રહેલી ન્નદ્ધ ૧૨ ઞ્ચ ૫૦૫૬ નમ્બરની સિમેન્ટ કોંક્રીટ મિક્સ કરવાની ટ્રકે જીપડાલાને પાછળથી ટક્કર મારતા જીપ ડાલામાં બેઠેલ કાજલબેન લીલાભાઈ પંચાલ,મહેરભાઈ રાવલ અને રમેશભાઈ ધનાજી પુરોહિતને ઈજાઓ પહોંચી હતી.ટક્કર વાગતા સુરેશભાઈએ ડાલું સાઈડમાં લઈ ટ્રક ચાલકને ટ્રક ઉભી રાખવા જણાવતા ટ્રક ચાલક તેઓને ટ્રકની અડફેટે લઈ ટક્કર મારી નાસી છૂટ્યો હતો. જેથી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા સુરેશભાઈને પણ સારવાર અર્થે ડીસા સિવિલ હોસ્પિટલ બાદમાં ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું . જે બાબતે સુરેશભાઈના ભાઈ ધવલ પુરોહિતે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે ટ્રક ચાલકની શોધખોળ હાથ ધરી છે.

પ્રાંતિજ ખાતે ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ તથા પાલિકા દ્વારા ચેકીંગ હાથ ધરાયુ

પ્રાંતિજ તા.૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે હાલ ગરમીને લઈ ને બિમારીઓ સહિત રોગચાળો અટકાવવા માટે વિવિધ ખાધ્ય પદાર્થો નુ ચેકીંગ સહિત દંડ વસુલ કરવામા આવ્યો હતો. પ્રાંતિજ ખાતે ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ હિંમતનગર તથા પ્રાંતિજ નગરપાલિકા ના સંયુક્ત ઉપકમે આજે પ્રાંતિજ બજાર સહિત વિસ્તાર મા ઠંડા પીણા નો ધંધો કરતા તથા ફુટનુ વેચાણ કરતા તથા ખાધ્ય તેલ સહિત અખાદ્ય પદાર્થોનુ સરપાઈઝ ચેકીંગ હાથ ધર્યુ હતુ જેમા ભાંખરીયા બસસ્ટેશન, એપ્રોચરોડ, બજાર સહિત વિસ્તાર મા ચેકીંગ હાથધરવામા આવ્યુ હતુ અને ૫૦૦ થી ઉપર દંડ વસુલ કરવામા આવ્યો હતો જેમા કુલ-૪૦૦૦ નો દંડ વસુલ કરવામા આવ્યો હતો તો પ્રાંતિજ નગરપાલિકા ના આરોગ્ય અધિકારી સંજયભાઈ ચૌધરી, મુકેશભાઈ પરમાર, ગોપાલભાઈ પટેલ સહિત આરોગ્ય ટીમ સહિત હિંમતનગર થી ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ ની ટીમ ઉપસ્થિત રહી હતી ને લારીઓ ,દુકાનો સહિત બજાર મા જઈ ને અખાદ્ય ચીજ વસ્તુઓ નો જથ્થો લઈ ને નાશ કરવામા આવ્યો હતો અને કેટલાક વેપારીઓ પાસે થી દંડ પણ વસુલવામા આવ્યો હતો.

પ્રાંતિજ નાની ભાગોળ વિસ્તારમાં રાત્રી દરમ્યાન બે જુથ વચ્ચે સામ-સામે પથ્થરમારો

પ્રાંતિજ તા.૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નાનીભાગોળ વિસ્તાર માં રાત્રી દરમ્યાન નજીવી બાબતે બે જુથ વચે સામ-સામે પથ્થર મારો થયો હતો જેમા પથ્થર મારા મા બે મહિલાઓ સહિત સાત પુરૂષો ને ઈજાઓ પોંહચી હતી. પ્રાંતિજ નાની ભાગોળ વિસ્તારમા રાત્રીના સમયે કડીયા સથવાળા સમાજ ની વિશ્વકર્મા વાડી પાસે રાત્રીના સમયે જમણવાર ચાલુ હતો તે દરમ્યાન કેટલાક ઈસમો ઝઘડો કરતા હોય અને ગાળો બોલતા હોય જેને લઈ ને વાડી બહાર લગ્ન પ્રસંગ ને લઈ ને ત્યાં ઉભેલ શિંગોડી ભોઈ સમાજ ની મહિલા દ્વારા ગાળો બોલ ના પાડતા ઝગડો કરતા યુવાનો દ્વારા મહિલાઓ ઉપર પથ્થર ફેંક્યા હતા અને ત્યારબાદ મામલો બિચક્યો હતો અને નાનીભાગોળ ખાતે રહેતા ઠાકોર સમાજ અને નાનીભાગોળ ખાડાવાળા વિસ્તાર મા રહેતા શિંગોડી ભોઈ સમાજ સામ-સામે આવી ગયો હતો અને એકબીજા ઉપર સામ-સામે પથ્થર મારો કર્યો હતો તો પથ્થર મારો થતા પ્રાંતિજ પોલીસ ને જાણ થતા પ્રાંતિજ પોલીસ ની બે જીપો ભરીને પોલીસ સ્ટાફ સાથે દોડી આવી હતી અને દોડી આવેલ પોલીસે બન્ને બાજુ રહેલ ટોળા ને વિખૂટા પાડયા હતા તો આ વિસ્તાર મા રાત્રીના સમયે ખુલ્લી દુકાનો તથા ગલ્લાઓ પણ બંધ કરાવી દીધા હતા અને બન્ને બાજુ રહીશોને ઘરોમા રહેવા પોલીસ દ્વારા અપીલ કરી હતી તો સામ-સામે પથ્થર મારામા કુલ-નવ લોકો ને ઈજાઓ પોંહચી હતી જેમા બે મહિલા સહિત સાત પુરૂષોને પથ્થર પડતા ઈજાઓ પોંહચી હતી જેમા ગણપતભાઈ ધનસુખભાઇ ભોઈ , ચેતનભાઈ પહેલાદભાઈ ભોઈ રહે પ્રાંતિજ , વિવેકભાઈ વાસુભાઈ ભોઈ , અરવિંદભાઈ પુનભાઈ ભોઈ , નિલેશકુમાર ચમનભાઈ ભોઈ , બિન્દુબેન ભાવેશભાઈ ભોઈ , જ્યોતિબેન સુરેશભાઇ ભોઈ , ભાવેશભાઈ પુનમચંદ ભાઈ ભોઈ રહે બધા વિસનગર , રાજુભાઈ રણછોડભાઈ ભોઈ રહે હરસોલ તમામે-તમામ ઈજાગસ્તો ને પ્રાંતિજ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા જેમા ભાવેશભાઈ પુનમચંદ ભોઈ ને વધુ ઈજાઓ પહોચતા વધુ સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામા આવ્યા હતા તો સામ-સામે પથ્થર મારા મા પ્રાંતિજ ખાતે મામેરૂ લઈ ને આવેલ મહેમાનોને પણ માથાના ભાગે , શરીરે ઈજાઓ પોંહચી હતી તો દોડી આવેલ પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામા આવી હતી જેમા એક માઈનોર સહિત વિજય બળવંતસિંહ મકવાણા તથા યશ ઉર્ફે ગોપી નિલેલજી ઠાકોર ની અટકાયત કરી હતી તો બીજા ઈસમો પોલીસ આવતા જોઈ ને ભાગી ગયા હતા તો પ્રાંતિજ પોલીસે ગુનોનોંધી આગળ ની કાર્યવાહી હાથ ધરી હતી.

ઈજાગ્રસ્તો : ગણપતભાઈ ધનસુખભાઇ ભોઈ , ચેતનભાઈ પહેલાદભાઈ ભોઈ રહે પ્રાંતિજ , વિવેકભાઈ વાસુભાઈ ભોઈ , અરવિંદભાઈ પુનભાઈ ભોઈ , નિલેશકુમાર ચમનભાઈ ભોઈ , બિન્દુબેન ભાવેશભાઈ ભોઈ , જ્યોતિબેન સુરેશભાઇ ભોઈ , ભાવેશભાઈ પુનમચંદ ભાઈ ભોઈ રહે બધા વિસનગર , રાજુભાઈ રણછોડભાઈ ભોઈ રહે હરસોલ. અટકાયત : એક માઈનોર સહિત વિજય બળવંતસિંહ મકવાણા તથા યશ ઉર્ફે ગોપી નિલેલજી ઠાકોરની અટકાયત

અરવલ્લી : ઋતુ ચક્રના શિર્ષાસને ખડૂતોની કમ્મર તોડી નાખી

રામગઢી પંથકમાં કરા સાથે વરસાદ ખાબકતા ઉનાળુ પાકને વ્યાપક નુકશાન

મોડાસા, તા. ૫

ગુજરાત સહીત અરવલ્લી જીલ્લામાં ઋતુચક્રએ શિર્ષાસન શરુ કર્યુ હોય શિયાળાની ઋતુ પૂર્ણ થયા બાદ ઉનાળો જામ્યો ન જામ્યો ત્યાં તો ચોમાસાની ઋતુએ જમાવટ કરી દીધી હોય તેમ સતત ચોતરફ હળવાથી ભારે વરસાદી ઝાપટાઓ યથાવત રહેતા ખેડ ખાતર અને બિયારણ લાવવાના સમયે જ સતત વરસાદી માહોલથી જગતના તાત ફરી વખત કફોડી હાલતમાં મુકાઈ ગયા છે મેઘરજ પંથકમાં ભારે વાવાઝોડા સાથે ત્રાટકેલા વરસાદે ખેતરમાં ઉભા પાકને નષ્ટ કરી દેતા ખેડૂતોની હાલત દયનિય બની છે. રાજયમાં છેલ્લા ઘણા દિવસથી કમોસમી વરસાદ પડી રહ્યો છે. જેના કારણે ખેતીના પાકને મોટા પાયે નુકસાન થયું છે.કેટલાક ખેડૂતોએ પશુઓનો ઘાસ ચારો પણ નષ્ટતાના આરે છે.ત્યારે જગતનો તાત સરકાર સમક્ષ ખેતીમાં થયેલ નુકસાનની ભરપાઈ માટે આજીજી કરી રહ્યા છે.

ની ભિતી સેવાઈ રહી છે. અરવલ્લી ના મેઘરજ તાલુકાનામાં સતત કમોસમી વરસાદને લઈને ખેતીના પાકોમાં વ્યાપક નુકસાન થવા પામ્યું છે. મેઘરજના રામગઢી વિસ્તારમાં એકાએક કરા સાથે પળેલ વરસાદ ને લઈ ખેડૂતોએ ઉનાળુ પાક જેવાકે જુવાર મકાઈ એરંડાના પાક તૈયાર હતો અને લણણી કરવાના સમયે કમોસમી વરસાદ વરસતા ખેડૂતોને પાકમાં વ્યાપક નુકસાન

જન્મદિને વધામણી

આરવ પ્રકાશકુમાર પ્રજાપતિ
રડોદરા, તા. બાયડ